સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ગણપતિ તો વિસર્જિત, મૂષકો રહી જાય છે!
પ્રસાદ ખાવાનું ચાલુ રાખવાનું કહી જાય છે!
સોના-ચાંદી આવક, બાપા-ભક્તિનું આપે છે માપ -
લંબોદરમાં માલ્યાની વાતો ગુમ, રહી જાય છે...

હાઈકુ

ચૂંટણી પ્હેલાં,
સંપતિ-જાહેરાત -
ગુમ સિવાય !!
(ઉદ્યોગપતિની એ આપણી જ છેને!)

આદેશ નહીં -
મારો પ્રતિનિધિ જ
કરે છે રાજ!!
(હિંદુ રાષ્ટ્ર)

ચિંતન

ક્ષીણે પુણ્યે મર્ત્યલોકે વિશન્તિ ।

ઉપરોક્ત સૂત્ર 'ભક્તિ સૂત્ર'માંથી લેવામાં આવેલઓ છે.

પુણ્ય ક્ષય પામતાં (પુણ્યના બળથી સ્વર્ગમાં ગયેલો જીવાત્મા પુનઃ) મૃત્યુલોકમાં આવે છે.

પુણ્ય કાર્ય અને પાપ કાર્યથી સ્વર્ગ-નર્ગ મળે એવી માન્યતા છે પણ એ સ્વર્ગ-નર્ક પણ અહીં જ છે. પુણ્યકાર્ડથી સરળ - ભક્તિમય સંસ્કારી પરિવારમાં જન્મ મળે છે જયાં પરમ સુખ-શાંતિ અને ભક્તિમય જીવન મળે.

પાપીને પાપની ભુક્તિ માટે દુઃખી-વાસનાઓ વ્યસનો અને દુષ્કર્મો વાળા પરિવારમાં જન્મે છે અને પાપની ગાંસડીઓ બાંધે છે દુઃખી થાય સજા ભોગવે છે.

સુવિચાર

- કર્તવ્ય અને વર્તમાન આપણું છે. ફળ અને ભવિષ્ય ઈશ્વરને હાથ છે - **સંત ઓગસ્ટિન**
- સજ્જન અને સંતપુરુષમાંય શંકા થવા લાગે એ બુદ્ધિની સૂક્ષ્મતા નથી, વિકૃતિ છે - **વિનોબા ભાવે**
- ધર્મ એટલે આત્માને પરમાત્મા સમીપ પહોંચાડનાર સુમંગલ સેતુ - **એસ. ભટ્ટાચાર્ય**
- જે જમાનામાં પરિશ્રમ વિના પૈસા નહોતા મળતા, એ જમાનામાં આજનાં જેવા પાપો હરગિજ નહોતાં થતાં - **રત્નસુંદર વિજયજી**
- સારું સ્વાસ્થ્ય કેળવ શરીરનું ભૂષણ નથી, આત્માનું આભૂષણ પણ છે - **કનૈયાલાલ જોષી**
- જયાં ભાગ્ય જેને તાજથી વંચિત રાખે છે, ત્યાં સંતોષ તેને મુગટ પહેરાવે છે - **હેન્રી ફોર્ડ**
- આજનું ઔષધ : વાછૂટ ન થવાથી થતી બેચેની દૂર કરવા સાંજે જમ્યા પછી અજમો ચાવીને ખાઈ ઉપર અડધો ગ્લાસ નવશેકું પાણી પીવું. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક ગધેડો કાયમ ઉદાસ રહેતો. એનો માલિક ધોબી રોજ ધોવાના કપડા તેની ઉપર લાદતો અને તળાવે ધોવા માટે લઈ જાય અને પાછા લાવે. માલિક સમજુ હતો તે પણ ગધેડાનું સારું ધ્યાન રાખતો. તેને કૂણું ઘાસ ખવડાવતો એને પણ પ્રેમથી નવડાવતો. આમ છતાં ગધેડાનું મન ખિન્ન રહેતું હતું. એક વાર પીઠ ઉપર ભાર લઈ ગધેડો જતો હતો ત્યારે ત્યાંથી એક સંત પસાર થયા તેમને જોયું કે ગધેડા ના પગ પાસેથી એક કીડી પર ખાંડનો કણ લઈને જતી હતી. તેમણે કીડીનો શ્રમ જોઈ તેને ઝૂકી ને પ્રણામ કર્યા. આ જોઈને ગધેડાને આશ્ચર્ય થયું. સંતને કીડીને પ્રણામ કરવાનું કારણ પૂછ્યું, સંતે કહ્યું, 'ગર્દભરાજ. આ કીડી કર્મયોગી છે, તે નિષ્ઠાપૂર્વક પોતાનું કામ કરે છે, જરા જુઓ તો પોતાની પીઠ ઉપર તેના ખુદના વજન કરતાં પણ વધુ ખાંડ લઈને જાય છે. આ જોઈને મેં કીડીની નિષ્ઠાને નમન કર્યા છે.' ગધેડાને આ યોગ્ય ન લાગ્યું. તેણે કહ્યું, 'આ તો અન્યાય છે, કીડીથી કેટલાય ગણો બોજ તો મેં ઊઠાવી રાખ્યો છે તો મને તમારે કીડીથી મોટો કર્મયોગી માનવો જોઈએ.' સંતે કહ્યું, 'તમારે આવું વિચારતાં પહેલા કીડી અને તમારા આકાર વચ્ચે નો ફેર જોવો જોઈએ. વળી તારાથી નાની કેવી કીડીએ બોજ ઉપાડીને પણ આનંદથી પોતાનું કામ કરી રહી છે. અને તમારા ચહેરા પર કામને બોજ સમજીને કરવાનો તણાવ દેખાઈ રહ્યો છે. કામને ભાર સમજીને કરનારને કર્મચારી ન કહેવાય, કર્મયોગી તો એ છે કે જે કોઈ પણ કામને પોતાનું દાયિત્વ સમજીને તેને પ્રસન્નતાપૂર્વક કરે.' ગધેડો કર્મયોગીનો અર્થ સમજી સંતને વંદન કરી તળાવ તરફ આગળ વધ્યો.

ઈમરાનના નાટકો ભારતને મંજૂર નથી

તંત્રીસ્થાનેથી...

પાકિસ્તાનના નવા વરાયેલા વડાપ્રધાન ઈમરાનખાને ભારતના વડાપ્રધાનને બેઉ દેશો વચ્ચે થયેલા અબોલા દૂર કરવા કરેલ આગ્રહના પગલે ન્યુયોર્કમાં બેઉ દેશોના વિદેશ સચિવો કે વિદેશમંત્રીઓ વચ્ચે મુલાકાત ગોઠવાશે એવો માહોલ સરજાયો હતો. આ મુલાકાત રદ કરાઈ એમાં પાકિસ્તાન રેન્જરો દ્વારા જમ્મુ અને કાશ્મીર સરહદ પર ભારતીય સેનાના જવાનને ક્રૂર રીતે ગળું કાપી લાશ ફેંકી દેવાની ઘટના અને આતંકીઓ દ્વારા જમ્મુ-કાશ્મીર પોલીસના જવાનોની હત્યા જેવી બાબતો જવાબદાર ગણાવાઈ છે. ભારતીય જવાનો સરહદ ઉપર ચોમાસામાં ઊગેલા સરકંડાનાં ઝુંડ સાફ કરતા હોય ત્યારે જ ઘાત લગાવી હુમલો કરાય અને આગોતરો સંદેશ આપ્યા છતાં ગોળીબાર કરી બીએસએફના જવાનોને ઘાયલ કરાય, એ પૈકીના એક સૈનિકની બેરહમીપૂર્વક હત્યા કરી, ગળું રહેંસી એની લાશ ફેંકી દેવામાં આવે - આ બધું પાક આર્મીની પ્રકૃતિ મુજબ થયું છે અને ભવિષ્યમાં એનું પુનરાવર્તન નહીં થાય એની કોઈ જ ખાતરી નથી. પાક આર્મી આતંકવાદીઓને મદદ કરતા રહે, પોલીસની અને બીએસએફના જવાનોની હત્યા કરાવતી રહે અને ભારત સરકાર આ મુદ્દે સુવિદિત હોવા છતાં માત્ર પાક વડાપ્રધાનના ઈજનને માન આપવા મંત્રણાઓનો નવો દોર શરૂ કરે તે કોઈ પણ રીતે વાજબી નહોતું. વિદેશ સચિવ - મંત્રી સ્તરની મુલાકાત રદ થતાં ઈમરાનખાને ટ્વિટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વામણા ગણાવ્યા છે. ભારતના વડાપ્રધાનને બગડેલા સંબંધો સુધારવામાં રસ નથી એવો આક્ષેપ કરી ઈમરાનખાન પોતે મોદી કરતાં સારા અને શાંતિપ્રિય હોવાનો દાવો કરતા હોય તો તે ભીંત ભૂલે છે. અંગત રીતે તેઓ એક સજ્જન રાજકારણી હોઈ શકે છે પરંતુ રીતે તેઓ એક સજ્જન રાજકારણી હોઈ શકે છે પરંતુ અત્યાર સુધીના પાકિસ્તાનના અન્ય નેતાઓની જેમ તેઓ પણ પાક આર્મીના જ આદેશોનું પાલન કરી રહ્યા છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ઈમરાનને ગાદીએ બેસાડવામાં પાક આર્મીની રહેમનજર જવાબદાર છે. દુનિયામાં પાક આર્મી જેવાં જુદ્ધાણાં ભાગ્યે જ બીજા કોઈ દેશનું લશ્કર ચલાવતું હશે. વળી કોઈ પણ લોકશાહી દેશ એના વહીવટમાં ભાગ્યે જ આર્મીની દખલઅંદાજી સહન કરી શકે, જયારે પાકિસ્તાનમાં તો આર્મી જ પડદા પાછળથી શાસનસૂત્રો સંભાળે છે તે જગજાહેર છે. બે પાડોશી રાષ્ટ્રો વચ્ચે સુલેહશાંતિ રાખવાની ફિલસૂફી ડહોળવી સહેલી છે પણ એનો અમલ કેટલો અઘરો છે. તેનો અનુભવ નવાઝ શરીફ, અટલ બિહારી વાજપેયી અને નરેન્દ્ર મોદીને થઈ ચૂક્યો છે, ઈમરાનખાને આ ભૂતકાળની ભૂલો નજર સમક્ષ રાખી વિનમ્રતાપૂર્વક ભારત સાથે મૈત્રીસંબંધની વાત કરવી જોઈએ. સુલેહનો સંદેશ લઈને તો દિલ્હીથી બસમાં બેસી અટલબિહારી વાજપેયી લાહોર ગયા હતા. પરિણામ શું આવેલું ? નવાઝ શરીફ એમને સત્કારવા તૈયાર ઊભા હતા, પણ તત્કાલીન પાક આર્મી ચીફ જનરલ મુશર્રફે ભારતીય વડાપ્રધાનનું સન્માન નહોતું સાચવ્યું અને કારગિલ યુદ્ધની નોબત આવી પડી હતી. ભુટ્ટો અને ઈંદિરા ગાંધી વચ્ચે થયેલા શિમલા કરાર અનુસાર બેઉ દેશોએ પરસ્પરની સમજૂતીથી જ અને બહારના પરિબળોની દખલ અંદાજી વગર કાશ્મીર સમસ્યાનો ઉકેલ મંત્રણાના ટેબલ પર લાવવાનો નિર્ણય થયો હોવા છતાં પાક નેતાઓ વારંવાર અમેરિકા જેવા દેશને સમાધાન માટે વચ્ચે નાખવાના પ્રયાસ કરતા રહ્યા છે. શું ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાનખાન આ જુદ્ધામાંની પરંપરાગત રાજનીતિ છોડી કાશ્મીરના પ્રશ્ને ભારત સાથે મંત્રણાના ટેબલ પર બેસવા તૈયાર થશે ? પાકિસ્તાન દેવાળિયા મુલક તરીકે જાણીતો બની ગયેલ છે અને અમેરિકાએ પણ એની સામેથી મોં ફેરવી લીધું છે. ત્યારે ઈમરાનની રાજકીય ઈનિંગ્સ ભારતના વડાપ્રધાન મોદીની નિંદા કરવાથી સફળ થવાની નથી તે નક્કી છે.

દહેજના કાયદામાં સુધારા કરતી સુપ્રિમ : પોલીસને કેસ સાચો લાગતા સાસરીયાની ધરપકડ થઈ શકશે

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

મહિલાઓના અધિકાર અને સુરક્ષાના મામલામાં કોઈ જ બાધછોડ થઈ શકે નહિ દેશમાં મહિલાઓનું હિત સર્વોપરી રહે તેવા નામદાર સુપ્રિમ કોર્ટ તથા રાજયોની હાઈકોર્ટોએ ચુકાદા આપેલ છે. અગાઉ નામદાર સુપ્રિમ કોર્ટે દહેજ પ્રતિબંધક ધારામાં ઈન્કવાયરી કર્યા સીવાય આરોપીની ધરપકડ ના કરવી તે જજમેન્ટ અમાપતા આ કાયદાનો કોઈ જ અર્થ સરતો ન હતો કારણો પરિવાર કલ્યાણ સમિતિના રીપોર્ટ આવ્યા બાદ તથા પોલીસ અધિકારી ઈન્કવાયરી પુરી ના કરે ત્યાં સુધી સાસુ, સસરા, પતિ, નણંદની ધરપકડ કરી શકાતી ન હોતી તે નિયમમાં હવે ફેરબદલ કરી પોલીસને કેસ સાચો લાગે તો પતિની, સાસરીયાની ધરપકડ કરી શકશે પરંતુ આગોતરા જામીન લેવાનો કાયદાકિય હક્ક ચાલુ રહેશે અને દહેજ વિરોધી કાયદાની કલમ ૪૯૮(એ) માં અગાઉ સુપ્રિમ કોર્ટે કરેલા ચુકાદામાં ફેરફાર, રદ કરવામાં આવ્યા છે. ફરીયાદ સાચી છે કે ખોટી તે નક્કિ કરતી પરિવાર કલ્યાણ સમિતિની પણ કોઈ જ જરૂરીયાત હવેથી રહેશે નહિ દહેજના મામલામાં પત્ની ફરીયાદ નોંધાવતા તાત્કાલીક પતિની ધરપકડ પોલીસ અધિકારીને ફરીયાદ પ્રથમ દ્રષ્ટીએ સાચી લાગે તો કરી શકશે. સુપ્રિમે અગાઉ પોતે જ આપેલા ચુકાદાને ગેરવ્યાજબી ગણાવ્યો છે. ૨૭/૭/૨૦૧૭ ના રોજ આપેલા સુપ્રિમ કોર્ટના ચુકાદામાં અવું જણાવેલ કે આઈપીસીની કલમ ૪૯૮(એ) હેઠળ કોઈ યુવતી ફરીયાદ કરે તો તરત જ પતિ કે સાસરીયાની ધરપકડ થશે નહિ. આ ફરીયાદ પહેલા પરિવાર કલ્યાણ સમિતિમાં જશે વાત સાચી છે કે ખોટી નક્કિ થયા બાદ રીપોર્ટ બાદ જ પોલીસ અધિકારી ધરપકડ કરી શકતા હતા. આ સમિતિમાં સામાજીક કાર્ય કરોની નિયુક્તિ રાજયભરમાં કરવામાં આવેલ જે હવે વિખરાઈ જશે.

આ જજમેન્ટ સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં ફરીથી સુનવણીની માંગણી થતા સુનવણીના અંતે સુપ્રિમ કોર્ટે પોતાના ચુકાદામાં ગંભીર ભુલો જણાતા રદબાતલ કરી પહેલાના જેમ જ પોલીસ અધિકારીને પાવર ટ્રાન્સફર કરી આપેલ છે. પાંચ જજોની ખંડપીઠે આ ચુકાદો આપી કાયદાને પાછો હતો તેવા સ્વરૂપમાં મુકી દીધેલ છે. પહેલાના ચુકાદાથી મહિલાઓ અને આખા દેશમાં વિરોધ ફાટી નિકળ્યો હતો આ સંદર્ભમાં સરકારે નવો કાયદો પસાર કરવો પડયો છે. એટ્રોસીટીના કેસમાં જેમ વિરોધ થતા મુળ સ્વરૂપમાં કાયદાને લાવવામાં આવ્યો તેજ રીતે દહેજ પ્રતિબંધીત કાયદાને મુળ સ્વરૂપમાં ફરીથી લવાતા મહિલાઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. મહિલા અધિકારના રક્ષણ માટે કામ કરતી સંસ્થાઓએ એવું જણાવેલ કે નવા કાયદામાં મહિલાના સુરક્ષાની તથા હિતની વાત હતી એટલે કોઈ એ વિરોધ નોંધાવ્યો નથી મહિલાઓ એટલી સંગઠિત નથી કે વિરોધ કરવા માટે જલ્દી બહાર આવે ત્રિપલ તલાક મામલે પણ વર્ષો નિકળી ગયા નિર્ણય લેતા જે મહિલાઓ પતિ અને સાસરીયાના અત્યાચારનો ભોગ બને છે તે જ પોતાની હાલત જાણે છે. આખરે સુપ્રિમે પરિવાર કલ્યાણ સમિતિ જ વચમાંથી હટાવતા સંપૂર્ણ તપાસ તથા પાવર તપાસ કરનાર પોલીસ અધિકારીના હાથમાં હોય કાયદા મુજબ કામ કરશે. જો કે સાસરીયાનો આગોતરા જામીન લેવાનો કાયદાકિય હક્ક અબાધીત રાખેલ છે જે અરજ ઉપર કોર્ટે એક જ દિવસમાં નિર્ણય કરવાનો રહેશે. આ કલમ હેઠળ કેટલા ખોટા કેસો અત્યાર સુધી થયા છે તેની વિગત સરકાર કે કોર્ટ પાસે નથી. બંધારણમાં સ્ત્રીને વધારે હક્કો આપ્યા છે જે મુજબ સ્ત્રી ધારે ત્યારે પતિ સાસરીયાને ફરસાવી ખોટા કેસો કરી પોતાનું ધાર્યું કરતી જેથી કાયદામાં સુધારો કરેલ છે જે અંતે મુળ કાયદામાં પરિવર્તન કરવાની ફરજ સુપ્રિમ કોર્ટની ખંડપીઠને પડતા સ્ત્રીઓનો વિજય થયેલ છે. માત્ર પતિની ભુલનો ભોગ સાસરીયા પણ ભોગવે, સાસરીયા કદાચ સારા હોય પણ ખોટા સાથે તે પણ નાહકના દંડાય છે કોઈ સ્ત્રી બદમાશ હોઈ જ ના શકે? તમામ પુરૂષ બદમાશ હોય? આ સવાલ સળગતા છે જેનો નિર્ણય સુપ્રિમ કરી શકી નથી શું દેશમાં દરેક પુરૂષ ક્રિમીનલ છે? લગ્નબાદના તમામ કાયદા કાનૂન મહિલાઓને સાથ આપે છે. પત્ની ઈચ્છે ત્યાં સુધી પતિને બાંધી રાખી શકે છે છુટાછેડા મળી શકતા નથી પત્ની એક કેસની જગ્યાએ ત્રણ ત્રણ ધારવાળી તલવાથી લડી શકે છે. દહેજ પ્રતિબંધીત કાયદો, ભરણપોષણનો કાયદો, ડોમેસ્ટીક વાયોલેન્સનો કાયદો અને છેવટે છુટાછેડાના કાયદામાં પુરૂષને ઉલજાવી શકે છે અને પતિ સાથે સાથ સાસરીયાવાળાનું જીવન પણ હરામ કરી શકે છે. મીચ્યુઅલ ડાયવોર્સ લઈ લાઈફ અન્ય સેટલ થવાના કિસ્સા સમાજમાં ઓછા બને છે. જો કે પતિ સાસરીયાના અત્યાચારનો ભોગ બનતી મહિલાની સંખ્યા પણ નાનીસુની નથી પત્ની પણ પતિને સાસરીયાને બતાવી દેવાના મુડમાં ખોટા કેસો ઉભા કરી ફસાવી નાક દબાવી ધાર્યું કરવામાં સફળ રહે છે.

દહેજ વિરોધી કાનૂન હેઠળ ૨૦૧૫માં ૧,૧૩,૪૦૩ કેસો નોંધાયેલા હતા ૨૦૧૪ માં ૧૨૨૮૭૭ની સંખ્યા હતી ૨૦૦૪ માં માત્ર ૫૮૧૨૮ કેસો જ હતા જે ૨૦૧૮ માં ત્રણગણા થવા સભંવ છે જો કે ઘણી બધી મહિલાઓ જે અત્યાચારનો ભોગ બનતા હતા પોલીસ સ્ટેશન, કોર્ટ કચેરીની લાંબી પ્રક્રિયામાંથી પસાર થવામાં ડર અનુભવે છે પત્નીને પુરૂષ સમોવડી માનવામાં આવે છે પરંતુ પુરૂષ પ્રધાન સમાજમાં સ્વીકારવામાં આવતી નથી એ વાસ્તવિકતા છે. પત્નીને દબાયેલી, કચડાયેલી પોતાના અધિકારોથી વંચિત આદિકાળથી પુરૂષા પ્રધાન સમાજમાં રાખવામાં આવેલ છે જો કે સમય સંજોગો બદલાતા સ્ત્રી પુરૂષ સમોવડી કરતા ચઢીયાતી સાબીત કાયદાના હથીયારથી સજ્જ થઈ બનેલ છે.

જે બધા બેઠા અહીં દરબાર લઈ, એ નથી જીવી શક્યા ઘરબાર લઈ...

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

જે બધા બેઠા અહીં દરબાર લઈ
એ નથી જીવી શક્યા ઘરબાર લઈ
એ પૂછે છે પગના છાલાનો મિનિંગ
પુત્ર જે રખડે પિતાની કાર લઈ

- રઈશ મણીયાર

આપણે સૌ જાણીએ છીએ કે માણસમાં જીવવાની જેટલી ઈચ્છા હોય છે, લગભગ તેટલી જ સંતાનપ્રાપ્તિની પણ હોય જ છે. માતા-પિતા જે અધુરું શોધે કે મેળવે તેની પૂર્તિ તેમના સંતાનો કરે તેવી તેમની અપેક્ષા હોય છે. એક બાળકના જન્મ સાથે જ મા-બાપરના સ્વભાવમાં ફર્ક પડે છે. પોતાની કેટલીય ખામીઓ તેઓ બાળક ખાતર ત્યજી લે છે. પોતાના બાળકો માટે સંપત્તિ અને સાધનસગવડો તૈયાર રાખવાની જાણે એક હોડ લાગી હોય તેમ મા-બાપ વૈતરું કર્યા કરે છે અને પછી એ જ સંતાનો પાંખો આવતા ઊડી જયા ત્યારે તેમના મોહમાં ડૂબેલા મા-બાપની સ્થિતિ કયારેક અત્યંત કફોડી થઈ જતી હોય છે. ભૂપત વડોદરિયા આ બાબતનું દૃષ્ટાંત આપતા લખે છે :

વર્ષો પછી એક મિત્ર મળવા આવ્યા. કૉલેજમાં અમે સાથે ભણ્યા અને પછી કામધંધે લાગી ગયા. કોઈ કોઈ વાર મળવાનું બનતું, પણ પછી તો અમે બંને સંપર્ક ગુમાવી બેઠા. મિત્ર અચાનક આવી પહોંચતાં હૃદયમાં આનંદ આનંદ થઈ ગયો. એના ચહેરા પર કાંઈક ઉદાસી અને નિરાશા જેવું જોઈને પૂછ્યું : 'છો તો મજામાં ને ? કંઈ મુશ્કેલી તો નથી ને ?'

મિત્રે હસીને કહ્યું : 'આમ તો કંઈ મુશ્કેલી નથી. વર્ષોથી અમેરિકા હતો. બધાં અમેરિકા જ છે, બંને દીકરા અને બંને દીકરીઓ. વહેવારના કામે હું બે મહિના માટે આવ્યો છું. પણ હવે અમેરિકા પાછા જવું કે નહીં એની દ્વિધામાં છું. કોણ જાણે કેમ હું ત્યાં રહી શકતો નથી. ત્યાં સગવડો બધી જ જાણે છે, પણ ત્યાં જીવને ચેન પડતું નથી. મારી પત્નીને પણ ત્યાં ગમતું નથી, પણ પૌત્રૌને ઉછેરવાની જવાબદારી એના માથે આવી પડી છે; તેને પણ એ મોહ છૂટતો નથી. પણ મને તો જાણે એવું જ લાગે છે કે કોઈકે ધક્કો મારીને મને કંટાળાના અતળ કૂવામાં ફેંકી દીધો. તમે કહેશો કે તો પછી અહીં જ શાંતિથી રહીને, દીકરા-દીકરી ભલે પરદેશમાં લહેર કરે. વચ્ચે ત્રણ વર્ષ પહેલાં આ ખતરો કરી જોયો. અહીં થોડા દહાડા ગમ્યું, પણ પછી રાત-દિવસ દીકરા-દીકરી યાદ આવવા માંડ્યા. પાછાં ત્યાં ગયાં. અમેરિકાના સમાજસાસ્ત્રીઓએ સારું નામ શોધી કાઢ્યું છે : ખાલી થઈ ગયેલા 'માળા' નો ખાલીપો કે ખટકો. તમે લેખક, એટલે સારો શબ્દ શોધી લેજો. પણ આ 'એમ્પ્ટી નેસ્ટ સિન્ડ્રોમ'નો અર્થ એટલો જ છે કે દીકરા-દીકરી ચાંચાળાં-પાંખાળાં થાય અને ઊડી જાય પછી માળામાં - ઘરનાં માબાપને ખાલીપણાની લાગણી સતાવ્યા કરે છે.'

'મને લાગે છે કે આનો કંઈ ઈલાજ નથી. તમે શું માનો છો? આજના જમાનામાં દીકરા બધા ભેગા મળી સંયુક્ત કુટુંબમાં રહે, માબાપની સાથે રહે, એ શક્ય નથી લાગતું. એવડા મોટાં ઘર કયાંથી કાઢો ? કદાચ ઘર મળી જાય તોય એવડા મોટાં મન કયાંથી કાઢો ? એ જમાનો તો ગયો. હવે એ શક્ય જ નથી. અને એક રીતે જુઓ તો મારા જેવા વૃદ્ધોએ જરા વિચારવા જેવું છે કે દીકરાઓને તેમનું પોતાનું જીવન ન હોય ? તેમને સ્વતંત્ર રીતે જીવવું છે. તેમની પત્નીઓ જૂની કૌટુંબિક મર્યાદાઓની બહાર રહીને આઝઆદીથી જીવવા માગે છે. મને લાગે છે કે અમારાં જેવાં માબાપોએ દીકરા-દીકરીનો આવો મોહ હવે છોડવો જોઈએ. દીકરાઓને મા-બાપનો આર્થિક ભાર ઉપાડવામાં વાંધો નથી, પણ માબાપ છાતી ઉપર ખમાતાં નથી. પ્રૌઢ અને વૃદ્ધ પતિ-પત્નીઓએ એકલાં રહેતા શીખવું જોઈએ. બે-ચાર દહાડા માટે દીકરા-દીકરીને મળવા જાય તો ઠીક, બાકી તો તેમણે ઊડી ગેયલા પંખીઓ પોતાના જૂના જર્જરિત માળામાં પાછાં બોલાવવાની આ ઘેલી રમત બંધ કરવી જોઈએ. '

આટલું કહેતા તો મિત્રની આંખમાં આંસુ આવી ગયાં. એ આંસુ ઢાંકવા એકદમ હસ્યા અને બોલ્યા : 'મારી વાત બરાબર છે ને ? મા-બાપની ફરજ દીકરા-દીકરીને ઉછેરીને - ભણાવી ગણાવીને પરણાવી દેવાની કે શકય હોય તો કયાંક કામધંધે લગાડી દેવાની. બસ, પછી તેમને તેમની રીતે તેમના રસ્તે જવા દેવા જોઈએ.' ગળગળા થઈ જતાં મિત્રે પોતાના મોટા દીકરાનું બાળપણ યાદ કર્યું : 'એ સમયના ભાવનગરની તદ્દન શાંત શેરીમાં એ ટ્રાઈસિકલ ચલાવતાં ડરતો હતો, અને આજે અમેરિકામાં ધસમસતા પૂરની ગતિએ મોટર હાંકે છે. નાનો હતો ત્યારે તો ગળેથી છૂટતો નહોતો. મારા ગળા ફરતે એના નાનકડા હાથ બરાબર ભીડી દે. તે દહાડે હું એને 'છોડ, છોડ' એવું કહ્યા કરતો હતો. આજે હવે હું એને મારા ગળેથી છોડી શકતો નથી. આજે હવે વગર કહ્યે એ મને કહી રહ્યો : છોડો-છોડો, પપ્પા, હવે એમને છોડો.' મિત્રના ગળે ડૂમો ભરાયો.

પુત્ર ને પુત્રવધૂ બંને કામ કરે છે.
વ્યસ્ત પણ ને મસ્ત પણ
(ને થોડાંક અસ્તવ્યસ્ત પણ ??)
સવારે જાય ટીફીન લઈને
ગરમ રહે ને ગરમ કરાય એવું ટીફિન લાવી છે એમની મમ્મી
(પણ કરતાં નહીં જ હોય , જાણુંને)
સાંજે સાથે જમવા રાહ જોઉં,
કામ જ એવું છે કે મોડું થાય.
એમની મમ્મીને ડોક્ટરે
બહુ મોડેથી જમવાની ના પાડી છે
એટલે એ જમી લે છે.
હું રાહ જોઉં
મોડું થાય કે તરત અમારા પારિવારિક whatsapp group માં
સંદેશ આવે
મોડું થશે, જમી લેજો .
ને તોય હું રાહ જોઉં.
પછી સામો સંદેશ મોકલું
કેટલે?
જવાબ આવે
રસ્તામાં
કે
હજી વાર લાગશે
ચાવી છે,
પણ અંદરથી સ્ટોપર ન મારતા
ને હું જમીને રુમમાં લંબાવું
દૂધનો ડબ્બો મૂકીને
પત્ની સૂઈ જાય
હું ટીવી ચાલુ રાખું
લીફ્ટનો અવાજ આવે એ પત્નીને નીંદરમાં ય સંભળાય
ઘરનો દરવાજો ખૂલે
છોકરાંઓ બેડરુમનો દરવાજો ખોલી
મોં દેખાડી દે
આવી ગયા.
જમ્યા?
હા, જમી લીધું છે
અથવા
ના, બાકી છે
Good night ની આપ લે થાય
દરવાજો બંધ થાય
આ રુટિન હવે ફાવી ગયું છે
મને ચેન પડે કે
છોકરાં આવી ગયાં
ને એમને ખાત્રી થાય કે
પપ્પા રાહ જૂવે છે.
પુત્ર ને પુત્રવધૂ બંનેને એની જાણ છે.
ને બંને આટલું કરે જ.
મને યાદ છે
મોડું થાય ત્યારે મમ્મી રાહ જોતી સૂવે
પપ્પા ન જાણે એમ
દરવાજો અમસ્તો આડો રાખે
ને આગળિયો ઊંચો.
એમ કરવાથી
જેની રાહ જોતાં હોઈએ એ
સાજાનરવા જલદી આવે.
અમે આવીએ એટલે હળવેકથી ઊઠીને પાણિયારે દીવો કરીને પાછી સૂઈ જાય.
કોઈ સવાલ જવાબ વગર .
ને પપ્પા જાણવા છતાં અજાણ બને,
પણ સૂવે તો અમે ઘરમાં આવીએ
એ પછી જ.
કેટલી ય રાતો એ જાગ્યા હશે.
ત્યારે ઘરમાં ટેલીફોન ન્હોતો.
આજના જેવી સગવડ હોત તો એમને ધરપત તો રહેત
પણ - એ ઊંચો આગળિયો
ને - એ પાણિયારે દીવો
પણ ન હોતને !
મમ્મી પપ્પાની ટેવ ઉતરી છે વારસામાં
અલબત્ત
મોબાઈલફોન છે એટલે રાહત છે
પણ હવે ઘરના દરવાજે આગળિયો નથી
ને રસોડે પાણિયારું ય નથી.
માત્ર રાહ જોવાનું ચાલું છે.

- તુષાર શુક્લ

Last seen :
રડે ત્યારે છાનું રાખે,
હસે ત્યારે સામું હસે.
છાતીએ ચાંપે,
તે તો કોઈ બીજુંય હોય;
પણ
રડતાં ને હસતાં
છાતીએ ચાંપતાં
જેની આંખમાં ઝળઝળિયાં આવી જાય,
તે તો મા જ ...!

- જયન્ત પાઠક

- nehalgadhavi101@gmail.com

ભૂતિયા મતદારોથી ચૂંટણી જીતવાની રાષ્ટ્રવ્યાપી કળા

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

સત્તાધીશોએ લાખો ભૂતિયા મતદારો ઉમેરીને અને પ્રતિકૂળ લાગતા મતદારોને જથ્થાબંધ રીતે મતદારયાદીમાંથી રદ કરીને જીતવાની કળા હસ્તગત કરી લીધી છે. સત્તાધીશ માત્ર ભાજપવાળા જ હોય એ જરૂરી નથી. તેલંગણ રાજ્યમાં ૨૦૧૪માં તેલંગણ રાષ્ટ્ર સમિતિ(ટીઆરએસ)એ મતદારયાદીઓમાં લાખોની સંખ્યામાં ભૂતિયા મતદારો ઉમેરાવ્યાં.

- **પ્રા. જગદીપ છોકરની દેશવ્યાપી સંસ્થા એસોશિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) થકી મતદાર જાગરણ અભિયાન**
- **ગુજરાતની પ્રજા સંયમી છે એટલે મહાપાલિકા કે અન્ય ચૂંટણીઓમાં ગેરરીતિઓ સામે ભાગ્યેજ અવાજ ઊઠાવવા તૈયાર**
- **મતદાન કરવા માટે જતાં પહેલાં પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહીં, એ તપાસી લેવાની જવાબદારી મતદારની**
- **બઢતી, બદલી કે દંડાત્મક કાર્યવાહી રાજ્યના શાસકો કરી શકે એટલે સમગ્રપણે ચૂંટણીતંત્ર રાજ્યના શાસકોની કઠપૂતળી**

રાજ્યમાં સત્તારૂઢ થયા પછી હૈદરાબાદ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં ૨૦ લાખ જેટલા સાચા મતદારોનાં નામ રદ કરાવીને મહાનગરપાલિકામાં પણ ભવ્ય વિજય મેળવ્યો. ગુજરાતમાં પણ પટેલ અનામત આંદોલન વખતે અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદાન આડેની રાતે જ હજારો પટેલ મતદારોનાં નામ સામે લાલ લીટી કરાવીને તેમને મતદાનથી વંચિત કરાયા હતા. આવા મતદારોએ થોડો કકળાટ કર્યો, ફરિયાદો થઈ; પણ ના તો કોઈ વ્યાપક તપાસ હાથ ધરાઈ કે ના લોકોએ કોઈ આંદોલન આદર્યું. ગુજરાતમાં જે થયું એના જુદા સ્વરૂપે કર્ણાટક વિધાનસભાની છેલ્લી ચૂંટણી પૂર્વે લાખો મુસ્લિમ મતદારોનાં નામ ચમત્કારિક રીતે મતદારયાદીમાંથી નીકળી ગયાં હતાં. આપણે ત્યાં એક કહેવત છે : '' જાગતાની પાડી અને ઊંઘતાનો પાડો ''. ગામડાથી લઈને રાષ્ટ્રીય કક્ષા સુધીની રાજકીય શાસકોની ચૂંટણી કરવામાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) કાઢીને ફરીને બેલેટ પેપર લાવો તો પણ ચૂંટણીલક્ષી ગેરરીતિઓ રોકાવાની નથી. એટલા માટે જ આ કહેવતને સાર્થક કરવા માટે મતદારોને ઢંઢોળવા માટે માત્ર રાજકીય પક્ષોએ જ નહીં, પ્રજાએ પણ કામે વળવું પડશે.

મતદારોએ જાગવું જ પડશે

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદ (આઈઆઈએમ-એ)ના પ્રાધ્યાપક રહેલા જગદીપ છોકરના શબ્દોમાં કહીએ તો, ''પૈસા,શરાબ ઔર ધરમ ના ચલે, વહાં ડંડા ચલે''. તેમની દેશવ્યાપી સંસ્થા એસોશિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) થકી મતદાર જાગરણ અભિયાન ચલાવે છે. તેલંગણ રાજ્યમાં કુલ ૧૧૯ વિધાનસભા બેઠકોમાં ૩૦ લાખ જેટલા મતદારો બબ્બે ઠેકાણે મતદાર તરીકે નોંધાયાનો અહેવાલ ચૂંટણીપંચની ટીમે જ તૈયાર કર્યો છે. ૧૮ લાખ મતદારો એવા છે જે તેલંગણ અને આંધ્ર પ્રદેશ બંને રાજ્યોમાં નોંધાયેલા છે. હૈદરાબાદ મહાનગરપાલિકાના ૧૫ લાખ બોગસ મતદારોનાં નામ રદ કરવાનો આદેશ તેલંગણના મુખ્ય ચૂંટણી અધિકારીએ આપ્યો છે. જે તે રાજ્યમાં જે રાજકીય પક્ષ જાગતો હોય એ મતદારોની નોંધણીમાં સક્રિયતા દાખવીને પરિણામ પોતાની તરફેણમાં લાવી શકે છે, એનું વરવું ઉદાહરણ તેલંગણ રાષ્ટ્ર સમિતિ(ટીઆરએસ) થકી પૂરું પડાયું હતું.વર્ષ ૨૦૧૪ની વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં જ નહીં, એ પછી હૈદરાબાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કે.ચંદ્રશેખર રાવના પક્ષે ભવ્ય વિજય મેળવ્યો હતો !

સુરેશ મહેતાનો અકસીર ઈલાજ

ગુજરાતના મુખ્યમંત્રી રહેલા અને પૂર્વ જજ સુરેશ મહેતા માને છે કે જ્યાં લગી ચૂંટણી પંચ પાસે રાજ્યની સરકારના કર્મચારીઓ પર અવલંબન છે ત્યાં લગી ચૂંટણી વ્યવસ્થામાં ગેરરીતિઓ દૂર કરવાનું અશક્ય છે. રાજ્યમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણી યોજવા માટે એક આઈએએસ અધિકારીને મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવે છે.એણે વિવિધ જિલ્લાના કલેક્ટરો પર મદાર રાખવાનો હોય છે. પાલિકાઓ-પંચાયતોની ચૂંટણી માટેની જવાબદારી રાજ્યના ચૂંટણી પંચની હોય છે.એમાં તો રાજ્ય સરકારને વફાદારની જ નિમણૂક થાય છે. ધારાસભાઓ-લોકસભાની ચૂંટણી કલેકટર જિલ્લા ચૂંટણી અધિકારી હોય છે.એમની નીચેના નાયબ કલેકટર કે મામલતદાર કે પછી સરકારી કર્મચારીઓ ચૂંટણીની સઘળી વ્યવસ્થા સંભાળે છે.મુખ્ય ચૂંટણી અધિકારી ત્રણ વર્ષ માટે શિક્ષાત્મક જગ્યા પર હોય એ રીતે આ જવાબદારી નિભાવે છે.એ અને બીજા બધા જ અધિકારીઓનું ભાવિ રાજ્યના જે તે રાજકીય શાસકોના હાથમાં રહે છે.એ બઢતી, બદલી કે

અનુસંધાન પાના નં ૭ પર